(1) એનિમલ હસ્બેન્ડરી (પશુપાલન) ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (AHIDF) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ફંડનું કદ 15,000 કરોડનું છે.
(2) આ ફંડ દ્વારા ડેરી, માંસ પ્રોસેસીંગ અને પશુઓના ખોરાક બનાવવાના એકમોના રોકાણને પ્રોત્સાહન અપાશે.
(3) યોજના હેઠળ રોકાણની રકમની 50% લોન આપવામાં આવશે.
(4) સરકાર દ્વારા લાયક લાભાર્થીઓને લોનમાં 3% વ્યાજ માફી આપવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ કેબિનેટ દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એનિમલ હસ્બેન્ડરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડને મંજૂરી આપવામાં આવી છે.

⇛ આ ફંડનું કદ રૂ. 15,000 કરોડનું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ફંડ દ્વારા ડેરી, માંસ પ્રોસેસીંગ અને પશુઓના ખોરાક બનાવવાના એકમો પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના રોકાણને પ્રોત્સાહન આપવામાં આવશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ યોજના હેઠળ ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ, MSME, ખાનગી કંપની, વ્યકિતગત ઉદ્યમી વગેરે લાયક છે. આ લાભાર્થીઓને રોકાણના માત્ર 10% રકમ આપવી પડે છે.

⇛ અન્ય 90% લોન સ્વરૂપે બેંક દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ લોનમાં સરકાર દ્વારા લાયક લાભાર્થીને 3% વ્યાજ માફી આપવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) અફિણના ગેરવપરાશ અને ગેરકાયદેસર હેરફેર વિરુદ્ધના આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Drug Abuse and Illicit Trafficking), 2020 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ વર્ષે આ દિવસની થીમ 'બેટર નોલેજ ફોર બેટર કેર' છે.

(2) આ દિવસે 'વર્લ્ડ ડ્રગ રિપોર્ટ, 2020' જાહેર કરવામાં આવ્યો છે.

(3) રિપોર્ટ મુજબ, વર્ષ 2018માં આશરે 26.9 કરોડ લોકોએ ડ્રગ્સનો વપરાશ કરેલો છે.

(4) સૌથી વધુ વપરાતો ડ્રગ 'ઓપિયમ' છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 26 જૂને 'અફિણના ગેરવપરાશ અને ગેરકાયદેસર હેરફેર વિરુદ્ધનો આંતરરાષ્ટ્રીય દિવસ' ઊજવવામાં આવે છે.

⇛ આ વર્ષે આ દિવસની થીમ 'બેટર નોલેજ ફોર બેટર કેર' છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ દિવસ નિમિત્તે UNODC દ્વારા વર્લ્ડ ડ્રગ રિપોર્ટ, 2020 જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ UNODCનું પૂરુંનામ United Nations Office on Drugs and Crime છે.

⇛ રિપોર્ટ મુજબ વર્ષ 2018માં વિશ્વમાં આશરે 26.9 કરોડ લોકોએ ડ્રગ્સનો વપરાશ કરેલો છે. આ સંખ્યા વર્ષ 2009ની સંખ્યા કરતાં 30% વધુ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ઉરાંત 3.5 કરોડ લોકોને ડ્રગના કારણે આડઅસર થયેલી છે.

⇛ સૌથી વધુ કેનેબી (Cannabis) નામનો ડ્રગ વાપરાવામાં આવ્યો છે. ઓપિઓડ/ઓપિયમ સૌથી વધુ નુકશાનકારક ડ્રગ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) 'Decarbonizing Transport in Emerging Economies' (DTEE) પ્રોજેક્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ પ્રોજેક્ટ સડક પરિવહન મંત્રાલય દ્વારા લોંચ કરવામાં આવ્યો છે.

(2) આ 20 વર્ષનો લોંગ–ટર્મ પ્રોજેક્ટ છે.

(3) આ પ્રોજેક્ટ દ્વારા ઓછો કાર્બન ધરાવતી પરિવહન પ્રણાલિનો વિકાસ થઈ શકશે.

(4) ભારતમાં 13% કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન પરિવહન ક્ષેત્ર દ્વારા થાય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ નીતિ આયોગ તથા ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ ફોરમ (ITF) દ્વારા સંયુક્ત રીતે DTEE પ્રોજેક્ટ 24 જૂનના રોજ ભારતમાં લોંચ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ આ એક 5 વર્ષનો પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ ભારતને ઓછા કાર્બન ધરાવતી પરિવહન પ્રણાલિના વિકાસમાર્ગમાં મદદ કરશે. આ માટે મોડેલિંગ ટુલ્સ અને નીતિ વિકાસ કરવામાં આવશે. (આથી, વિધાન (2) ખોટું છે, જ્યારે વિધાન (3) સાચું છે.)

⇒ આ પ્રોજેક્ટ ભારત માટે પરિવહન ઉત્સર્જન મૂલ્યાંકન ફ્રેમવર્કની રચના કરશે.

⇒ ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ ફોરમની 'ડિકાર્બનાઈઝિંગ ટ્રાન્સપોર્ટ' પહેલના એક ભાગરૂપે ભારતમાં આ પ્રોજેક્ટ લોંચ કરવામાં આવ્યો છે.

⇒ ભારતમાં પરિવહન ક્ષેત્ર ત્રીજું સૌથી મોટું ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન કરનાર ક્ષેત્ર છે.

⇒ ભારતમાં કુલ કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જન પૈકી 13% ઉત્સર્જન પરિવહન ક્ષેત્ર દ્વારા થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ ફોરમ (ITF) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તે OPEC હેઠળની આંતરસરકારી સંસ્થા છે.

(2) તે દરેક પ્રકારના પરિવહનને આવરી લેતી એકમાત્ર વૈશ્વિક સંસ્થા છે.

(3) તેનું વડુંમથક પેરિસમાં આવેલું છે.

(4) તે પરિવહન નીતિના મુદ્દાઓ માટેની થિંક ટૅંક છે તથા પરિવહન મંત્રીઓ માટેની વાર્ષિક પરિષદનું આયોજન કરે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ ફોરમ **OECD** અંતર્ગતની એક આંતર સરકારી સંસ્થા છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ **OECD**નું પૂરુંનામ ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ છે.

⇛ તે એકમાત્ર એવી વૈશ્વિક સંસ્થા છે જે પરિવહનના દરેક પ્રકારને આવરી લે છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ તે પરિવહન નીતિના મુદ્દાઓ માટેની થિંક ટૅંક છે તથા પરિવહન મંત્રીઓ માટેની વાર્ષિક વૈશ્વિક પરિષદનું આયોજન કરે છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ આ સંસ્થાનું ધ્યેયવાક્ય **(motto)**, "ગ્લોબલ ડાયલોગ ફોર બેટર ટ્રાન્સપોર્ટ" છે.

⇛ તે વહીવટી રીતે **OECD** સાથે સંકળાયેલી છે પરંતુ રાજનૈતિક રીતે તે સ્વાયત્ત સંસ્થા છે.

⇛ તેનું વડુંમથક પેરિસમાં આવેલું છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) 'SPARC' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Scheme for Promotion of academic and Research Collaboration છે.

(2) આ યોજના ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સંશોધન પ્રણાલિ (રિસર્ચ ઈકોસિસ્ટમ)ને સુધારવા ઈચ્છે છે.

(3) આ યોજના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગની એક પહેલ છે.

(4) યોજનાનું અમલીકરણ IIT-દિલ્હી દ્વારા કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ IIT મદ્રાસના સંશોધકો તેમના જર્મનીના સાથીદારો સાથે મળીને ગ્રીન એનર્જી સોલ્યુશન માટેના નવા પદાર્થો બનાવી રહયા છે. આ પ્રોજેકટ 'SPARC' હેઠળનો છે.

⇛ SPARCનું પૂરુંનામ Scheme for Promotion of academic and Research Collaboration છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયની પહેલ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ યોજના ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સંશોધન પ્રણાલિને સુધારવા ઈચ્છે છે. આ માટે ભારતીય સંસ્થાઓનો વિશ્વની શ્રેષ્ઠ સંસ્થાઓ સાથે સંશોધન માટે સહયોગ કરાવવામાં આવશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ યોજના હેઠળ 2 વર્ષમાં 600 જોઈન્ટ રિસર્ચ પ્રોજેકટને મંજૂરી આપવામાં આવશે.

⇛ IIT-ખડગપુર આ યોજના માટેની નેશનલ કો-ઓર્ડીનેટીંગ ઈન્સ્ટીટ્યુટ છે અને SPARCના અમલીકરણ માટે જવાબદાર છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT